Sunday
05.02.2023
*Volume :7 * Issue No.187
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)



ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
KAMALAM
Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER
To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04 *Rs. 00.25/- *Annual Rs. 90/-

# પ્રધાનમંત્રી ઈથેનોલ મિશ્રણ અંગેના રોડમેપ પર આગળ વધીને, E20 ઈંધણ લોન્ચ કરશે

## પ્રધાનમંત્રી ૬ ફેબ્રુઆરીએ કર્ણાટકની મુલાકાત લેશે

### પ્રધાનમંત્રી બેંગલુરુમાં ઇન્ડિયા એનર્જી સપ્તાહ ૨૦૨૩નું ઉદ્ઘાટન કરશે

કમલમ્ ન્યુઝ,

પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદી ૬ ફેબ્રુઆરી, ૨૦૨૩ના રોજ કર્ણાટકની મુલાકાત લેશે. સવારે લગભગ ૧૧:૩૦ વાગ્યે, પ્રધાનમંત્રી બેંગલુરુ ખાતે ઈન્ડિયા એનર્જી સપ્તાહ ૨૦૨૩નું ઉદ્ઘાટન કરશે. ત્યારબાદ, લગભગ ૩:૩૦ કલાકે, તેઓ તુમાકુરુ ખાતે નવનિર્મિત HAL હેલિકોપ્ટર ફેક્ટરીનુંરાષ્ટ્રને લોકાર્પણકરશે અને વિકાસલક્ષી વિવિધ પરિયોજનાઓનો શિલાન્યાસ પણ કરશે.

પ્રધાનમંત્રી બેંગલુરુમાં ઈન્ડિયા એનર્જી સપ્તાહ (IEW) 2023નું ઉદ્ઘાટન કરશે. ૬ થી ૮ ફેબ્રુઆરી દરમિયાન યોજાઈ રહેલા, IEWનો ઉદ્દેશ્ય ઉર્જા ટ્રાન્ઝિશન પાવરહાઉસ તરીકે ભારતની વધી રહેલી શક્તિને પ્રદર્શિત કરવાનો છે. આ કાર્યક્રમ પરંપરાગત અને બિન-પરંપરાગત ઉર્જા ઉદ્યોગ, સરકારો અને શિક્ષણવિભાગના અગ્રણીઓને જવાબદારીપૂર્ણ ઉર્જા ટ્રાન્ઝિશનના કારણે રજૂ થતા હોય તેવા પડકારો અને અવસરો અંગે ચર્ચા કરવા માટે એકસાથે લાવશે. તેમાં સમગ્ર દુનિયામાંથી ૩૦ થી વધુ મંત્રીઓની ઉપસ્થિતિ જોવા મળશે. ભારતના ઉર્જા ભવિષ્યના પડકારો અને તકોની ચર્ચા કરવા માટે ૩૦,૦૦૦ થી વધુ પ્રતિનિધિઓ, ૧,૦૦૦ પ્રદર્શકો અને ૫૦૦ વક્તા એકઠા થશે. આ કાર્યક્રમ દરમિયાન, પ્રધાનમંત્રી વૈશ્વિક તેલ અને ગેસ કંપનીઓના CEO સાથે ગોળમેજી સંવાદમાં ભાગ લેશે. તેઓ ગ્રીન એનર્જીના ક્ષેત્રમાં અનેકવિધ પહેલનો પણ પ્રારંભ કરશે. ઉર્જા ક્ષેત્રે આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવા માટે ઈથેનોલ મિશ્રણ કાર્યક્રમ સરકાર દ્વારા ધ્યાનમાં રાખવામાં આવતા મુખ્ય ક્ષેત્રો પૈકી એક છે. સરકારના નિરંતર પ્રયાસોના પરિણામ સ્વરૂપે, ૨૦૧૩-૧૪ થી ઈથેનોલ ઉત્પાદનની ક્ષમતામાં છ ગણો વધારો જોવા મળ્યો છે. ઈથેનોલ મિશ્રણ કાર્યક્રમ અને જૈવ ઈંધણ (બાયોફ્યુઅલ) કાર્યક્રમ હેઠળ છેલ્લાં આઠ વર્ષ દરમિયાન મળેલી સિદ્ધિઓએ માત્ર ભારતની ઉર્જા સુરક્ષામાં વધારો નથી કર્યો, પરંતુ તેના પરિણામે ૩૧૮ લાખ મેટ્રિક ટન CO2 ઉત્સર્જનમાંઘટાડો થયો છે અને લગભગ ૫૪,૦૦૦ કરોડ રૂપિયાની આસપાસની વિદેશી હૂંડિયામણની બચત સહિત અન્ય ઘણા લાભો પણ પ્રાપ્ત થયા છે. પરિણામે, ૨૦૧૪ થી ૨૦૨૨ દરમિયાન ઈથેનોલના પુરવઠા માટે આશરે રૂ. ૮૧,૮૦૦ કરોડની ચુકવણી કરવામાં આવી છે અને ખેડૂતોને રૂ. ૪૯,૦૦૦ કરોડથી વધુ રકમ ટ્રાન્સફર કરવામાં આવી છે.

## પ્રધાનમંત્રી સૌર અને સહાયક ઉર્જાસ્ત્રોતો પર કામ કરતા એક ક્રાંતિકારી ઇન્ડોર સોલાર કૂકિંગ ઉકેલ એવા ઇન્ડિયન ઓઇલની ઇન્ડોર સોલાર કૂકિંગ સિસ્ટમના ટ્વીન-કૂકટોપ મોડલનું લોકાર્પણ કરશે



## પ્રધાનમંત્રી સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતાની દિશામાં લેવાયેલા વધુ એક પગલાં રૂપે તુમાકુરુમાં ઉંછછ્ન હેલિકોપ્ટર ફેક્ટરીનું રાષ્ટ્રને લોકાર્પણ કરશે

પ્રધાનમંત્રી ઈથેનોલ મિશ્રણ રોડમેપને અનુરૂપ, ૧૧ રાજ્યો/કેન્દ્રશાસિત પ્રદેશોમાં ઓઈલ માર્કેટિંગ કંપનીઓના ૮૪ રિટેલ આઉટલેટ્સ પર E20 ઈંધણના વેચાણનો પ્રારંભ કરશે. E20 એ પેટ્રોલ સાથે ૨૦% ઈથેનોલનું મિશ્રણ છે. સરકાર ૨૦૨૫ સુધીમાં ઈથેનોલનું સંપૂર્ણ ૨૦% મિશ્રણ કરવાનું લક્ષ્ય પ્રાપ્ત કરવા માંગે છે અને ઓઈલ માર્કેટિંગ કંપનીઓ 2G-3G ઈથેનોલ પ્લાન્ટ સ્થાપી રહી છે જે આ દિશામાં પ્રગતિને વધુ સરળ બનાવશે.

પ્રધાનમંત્રી ગ્રીન મોબિલિટી રેલીને પણ લીલી ઝંડી આપશે. આ રેલીમાં ગ્રીન એનર્જીના સ્ત્રોતો પર ચાલતા વાહનોની સહભાગીતા જોવા મળશે અને તેનાથી ગ્રીન ઈંધણ માટે લોકોમાં જાગૃતિ ફેલાવવામાં મદદ મળશે.

પ્રધાનમંત્રી ઈન્ડિયન ઓઈલની 'અનબોટલ્ડ' પહેલ હેઠળ ગણવેશ લોન્ચ કરશે. સિંગલ-યુઝ પ્લાસ્ટિકને તબક્કાવાર રીતે નાબૂદ કરવાની પ્રધાનમંત્રીની દૂરંદેશી દ્વારા સંચાલિત આ પ્રયાસ હેઠળ, ઈન્ડિયન ઓઈલ દ્વારા રિટેઈલ ગ્રાહક એટેન્ડન્ટ્સ અને LPG ડિલિવરી કર્મચારીઓ માટે રિસાઈકલ પોલિએસ્ટર (rPET) અને કપાસમાંથી બનેલો ગણવેશ અપનાવવામાં આવ્યો છે. ઈન્ડિયન ઓઈલના ગ્રાહક એટેન્ડન્ટના ગણવેશનો દરેક સેટ લગભગ ૨૮ વપરાયેલી PET બોટલના રિસાઈકલિંગને સમર્થન કરશે. ઈન્ડિયન ઓઈલ આ પહેલને ટકાઉ વસ્ત્રો માટેની બ્રાન્ડ 'અનબોટલ્ડ' દ્વારા આગળ ધપાવી રહી છે, જે રિસાયકલ કરેલા

### પ્રધાનમંત્રી ઇન્ડિયન ઓઇલની 'અનબોટલ્ડ' પહેલ હેઠળ ગણવેશ લોન્ચ કરશે - દરેક ગણવેશ લગભગ ૨૮ વપરાયેલી PRT બોટલના રિસાયક્લિંગને સમર્થન આપશે

પોલિએસ્ટરમાંથી બનાવેલી વસ્તુઓના વેચાણ માટે લોન્ચ કરવામાં આવી છે. આ બ્રાન્ડ હેઠળ, ઈન્ડિયન ઓઈલ અન્ય ઓઈલ માર્કેટિંગ કંપનીઓના ગ્રાહક એટેન્ડેન્ટ્સ માટે ગણવેશની જરૂરિયાત મુજબ, સૈન્ય માટે બિન-યોદ્ધા ગણવેશ માટે, સંસ્થાઓ માટે ગણવેશ/ડ્રેસનું વેચાણ કરવાનો અને છૂટક ગ્રાહકોને વેચાણ કરવાનું લક્ષ્ય રાખે છે. પ્રધાનમંત્રી ઈન્ડિયન ઓઈલની ઈન્ડોર સોલર કૂકિંગ સિસ્ટમના ટ્વીન-કુકટોપ મોડલનું પણ લોકાર્પણ કરશે અને વ્યાપારી ધોરણે તેનો અમલ કરવા માટે પણ પ્રારંભ કરાવશે. ઈન્ડિયન ઓઈલે અગાઉ સિંગલ કૂકટોપ સાથે આવિષ્કારી અને પેટન્ટ લીધેલી ઈન્ડોર સોલર કૂકિંગ સિસ્ટમ તૈયાર કરી હતી. આના માટે પ્રાપ્ત થયેલા પ્રતિસાદના આધારે, ટ્વીન-કુકટોપ ઈન્ડોર સોલર કૂકિંગ સિસ્ટમ ડિઝાઈન કરવામાં આવી છે જે વપરાશકર્તાઓને વધુ સુગમતા અને સરળતા પ્રદાન કરે છે. તે એક ક્રાંતિકારી ઈન્ડોર સોલર કૂકિંગ ઉકેલ છે જે એકસાથે સૌર અને સહાયક ઉર્જા સ્રોતો પર કામ કરે છે અને તેને ભારત માટે રસોઈનો ભરોસાપાત્ર ઉકેલ બનાવે છે. સંરક્ષણ ક્ષેત્રે આત્મનિર્ભરતા પ્રાપ્ત કરવાની દિશામાં લેવાયેલા વધુ એક બીજા પગલા તરીકે, પ્રધાનમંત્રી તુમાકુરુમાં નવનિર્મિત HAL હેલિકોપ્ટર ફેક્ટરીનું રાષ્ટ્રને લોકાર્પણ કરશે. તેનો શિલાન્યાસ પણ પ્રધાનમંત્રી દ્વારા વર્ષ ૨૦૧૬માં કરવામાં આવ્યો હતો. તે એક સમર્પિત નવી ગ્રીનફિલ્ડ હેલિકોપ્ટર ફેક્ટરી છે જે હેલિકોપ્ટર બનાવવાની ક્ષમતા અને ઈકોસિસ્ટમમાં વૃદ્ધિ કરશે. આ હેલિકોપ્ટર ફેક્ટરી એશિયાની સૌથી મોટી હેલિકોપ્ટર વિનિર્માણ સુવિધા છે અને શરૂઆતમાં લાઈટ યુટિલિટી હેલિકોપ્ટર (LUH)નું ઉત્પાદન કરશે. LUH એ સ્વદેશી રીતે ડિઝાઈન કરેલું અને વિકસાવવામાં આવેલું ૩-ટન વર્ગનું સિંગલ એન્જિન બહુલક્ષી યુટિલિટી હેલિકોપ્ટર છે, જેમાં ઉચ્ચ દાવપેચની વિશિષ્ટ ખાસિયત છે.

લાઈટ કોમ્બેટ હેલિકોપ્ટર (LCH) અનેઈન્ડિયન મલ્ટીરોલ હેલિકોપ્ટર (IMRH) જેવા અન્ય હેલિકોપ્ટર તેમજ ભવિષ્યમાં LCH, LUH, સિવિલ ALH અને IMRH ના સમારકામ અને ઓવરહોલ માટે ફેક્ટરીનું વિસ્તરણ કરવામાં આવશે. આ ફેક્ટરીમાં ભવિષ્યમાં સિવિલ LUHની નિકાસ કરવાની ક્ષમતા પણ છે. આ સુવિધા ભારતને હેલિકોપ્ટર સંબંધિત પોતાની તમામ જરૂરિયાત સ્વદેશી રીતે પૂરી કરવામાં સમર્થ બનાવશે અને ભારતમાં હેલિકોપ્ટરના ડિઝાઈનિંગ, ડેવલપમેન્ટ અને વિનિર્માણમાં આત્મનિર્ભરતા પ્રાપ્ત થાય તેવી

## પ્રધાનમંત્રી ગ્રીન ઇંધણ અંગે જનજાગૃતિ કેળવવા માટે ગ્રીન મોબિલિટી રેલીને લીલી ઝંડી બતાવશે

### પ્રધાનમંત્રી, તુમાકુરુ ઔદ્યોગિક ટાઉનશિપ અને તુમાકુરુમાં બે જલ જીવન મિશન પરિયોજનાનો શિલાન્યાસ કરશે

વિશિષ્ટતા મેળવશે.

આ ફેક્ટરીમાં ઈન્ડસ્ટ્રી ૪.૦ ધોરણોનું મેન્યુફેક્ચરિંગ સેટઅપ ઉભું કરવામાં આવશે. આગામી ૨૦વર્ષમાં, HAL તુમાકુરુથી 3-15 ટનના વર્ગમાં ૧૦૦૦થી વધુ હેલિકોપ્ટરનું ઉત્પાદન કરવાની યોજના બનાવી રહ્યું છે. આના પરિણામે પ્રદેશમાં લગભગ ૬૦૦૦ લોકોને રોજગારી મળશે.

આ મુલાકાત દરમિયાન પ્રધાનમંત્રી તુમાકુરુ ઈન્ડસ્ટ્રીયલ ટાઉનશીપનો શિલાન્યાસ કરશે. રાષ્ટ્રીય ઔદ્યોગિક કોરિડોર વિકાસ કાર્યક્રમ હેઠળ, ચેન્નાઈ બેંગલુરુ ઔદ્યોગિક કોરિડોરના ભાગ રૂપે તુમાકુરુમાં ત્રણ તબક્કામાં ૮૪૮૪ એકરમાં ફેલાયેલી ઔદ્યોગિક ટાઉનશિપનો વિકાસ હાથ ધરવામાં આવ્યો છે.પ્રધાનમંત્રી તુમાકુરુમાં તિપ્તુર અને ચિક્કનાયકનાહલ્લી ખાતે બે જલ જીવન મિશન પરિયોજનાનો શિલાન્યાસ કરશે. તિપ્તુર બહુ-ગ્રામ્ય પીવાલાયક પાણી પુરવઠા પરિયોજના રૂ. ૪૩૦ કરોડથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવશે. ચિક્કનાયકનાહલ્લી તાલુકાની ૧૪૭ વસાહતો માટે બહુ-ગ્રામ્ય પાણી પુરવઠા યોજના આશરે રૂ. ૧૧૫ કરોડના ખર્ચે બાંધવામાં આવશે. આ પરિયોજનાથી આ પ્રદેશના લોકો માટે પીવાના શુદ્ધ પાણીના પુરવઠાની જોગવાઈને સરળ થશે.

# ત્રણ વર્ષમાં એક કરોડ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ સાથે જોડવાનું લક્ષ્ય : શ્રી આચાર્ય દેવવ્રતજી

કમલમ્ ન્યુઝ,

ભારત સરકારની બજેટ સમિતિના રાષ્ટ્રીય સંયોજક, રાજ્યસભાના સાંસદ અને બિહારના પૂર્વ ઉપમુખ્યમંત્રી શ્રી સુશીલ કુમાર મોદીએ આજે રાજભવનમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી સાથે વર્ષ ૨૦૨૩-૨૪નાસામાન્ય અંદાજપત્રમાં ગુજરાત, સહકારી ક્ષેત્ર અને ખેડૂતો માટેના મહત્વના પ્રાવધાન વિશે વિસ્તૃત આદાન-પ્રદાન કર્યું હતું. સહકાર, લઘુ, સૂક્ષ્મ, કુટિર અને મધ્યમ ઉદ્યોગોના રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા પણ આ બેઠકમાં સહભાગી થયા હતા. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, આ અંદાજપત્રમાં આગામી ત્રણ વર્ષમાં ભારતમાં એક કરોડથી વધુ ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ સાથે જોડવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ માટે રૂપિયા ૪૬૯ કરોડનું પ્રાવધાન છે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ લોકકલ્યાણમાટેનીઆ મહત્વકાંક્ષી કૃષિ પદ્ધતિને વિશેષ પ્રાધાન્ય આપ્યું છે. પ્રતિવર્ષ ભારતના અઢી લાખ કરોડ રૂપિયા રાસાયણિક ખાતરો અને પેસ્ટીસાઈડ્સની આયાત માટે વિદેશોમાં જાય છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિથી આ નાણાં બચશે, જે જનહિતની અન્ય યોજનાઓમાં વાપરી શકાશે. એટલું જ નહીં, કૃષિમાં બાયો ઈનપુટ રિસર્ચ માટે ભારતમાં ૧૦,૦૦૦ સેન્ટર્સ સ્થાપિત કરવાનું પણ આયોજન છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, પ્રાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ ખેડૂતોને ઘર આંગણે ઉપલબ્ધ કરાવવા ગુજરાત સરકાર ખેડૂતોને જ ટ્રેનર બનાવશે. પ્રાકૃતિક ખેતી કરી રહેલા ખેડૂતો જ અન્ય ખેડૂતોને તાલીમ આપે એવી ઓછી ખર્ચાળ અને અત્યંત અસરકારક યોજના તૈયાર કરવામાં આવી રહી છે, જેના સારા પરિણામો આવશે. તેમણે રાજ્ય સરકારની મહત્વની યોજનાઓ અને જોગવાઈઓ વિશે વિગતવાર જાણકારી આપી હતી. ભારત સરકારની અંદાજપત્રીય સમિતિના રાષ્ટ્રીય સંયોજક અને રાજ્યસભાના સાંસદ શ્રી સુશીલ કુમાર મોદીએ કહ્યું હતું કે, આ અંદાજપત્રમાં સમાજના તમામ વર્ગો અને ક્ષેત્રો માટે કંઈક ને કંઈક જોગવાઈ છે. આ અંદાજપત્ર વિકાસ યોજનાઓ અને આંતરમાળખાકીય સવલતોને વધુ વેગ આપનારું સાતત્ય પૂર્ણ બજેટ છે. વિશેષ કરીને ગુજરાત માટેના પ્રાવધાન વિશે તેમણે કહ્યું કે, અમદાવાદ-મુંબઈ વચ્ચે બુલેટ ટ્રેન યોજના માટે આ અંદાજપત્રમાં રૂ. ૧૯,૦૦૦ કરોડનું આયોજન છે. વર્ષ-૨૦૨૬ સુધીમાં બુલેટ ટ્રેન શરૂ કરી શકાય એ ગતિએ કામ ચાલી રહ્યું છે.શ્રી સુશીલ કુમાર મોદીએ અત્યંત મહત્વની વિગતો આપતાં કહ્યું હતું કે, ભારત સરકાર ગુજરાત સહિત પ્રત્યેક રાજ્યને આંતર માળખાકીય સુવિધાઓ માટે ૫૦ વર્ષની મુદત માટે રૂ. ૧ લાખ, ૩૦ હજાર કરોડની વ્યાજમુક્ત લોન આપશે. સહકારી ક્ષેત્ર અને ખેડૂતો માટે મહત્વની જોગવાઈઓ વિશે જણાવતા તેમણે કહ્યું હતું કે, કો-ઓપરેટિવ સોસાયટીઓ રૂ. ૨ લાખ સુધીની મર્યાદામાં રોકડ જમા કરાવી શકશે કે ઉપાડી શકશે. એટલું જ નહીં, કો-ઓપરેટિવ સેક્ટર માટે હવે રૂ.૩ કરોડથી વધુના ટ્રાન્ઝેક્શન પર બે ટકા ટી.સી.એસ.ની જોગવાઈ કરવામાં આવી છે. અગાઉ આ મર્યાદા રૂ. બે કરોડ સુધીના ટ્રાન્ઝેક્શન પર હતી. અત્યંત મહત્વની જાણકારી આપતાં તેમણે કહ્યું કે, ભારતમાં નેશનલ કો-ઓપરેટીવ યુનિવર્સિટી બનશે, જે કો-ઓપરેટીવ સેક્ટરના વિકાસ માટે પ્રશિક્ષણ આપશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ આયોજનને વધાવીને તેના સારા પરિણામો ગુજરાતને અને સમગ્ર દેશને મળશે એમ કહ્યું હતું. ભારત 'ડિજિટલ સુપર પાવર' બનવાની દિશામાં આગળ વધી રહ્યું છે; એમ કહીને શ્રી સુશીલ કુમાર મોદીએ કહ્યું હતું કે, ભારત સરકારે અપનાવેલી ડાયરેક્ટ બેંક ટ્રાન્સફર પદ્ધતિએ આખા વિશ્વને વિસ્મયમાં નાખી દીધું છે. આજે ભારતમાં ૧૦૦ માંથી ૬૦ થી ૭૦ લોકો ડિજિટલી પેમેન્ટ કરી રહ્યા છે. યુપીઆઈ ટ્રાન્જેક્શનમાં ભારતે વિક્રમો સર્જ્યા છે. ગત વર્ષની સરખામણીએ ભારતમાં યુપીઆઈ ટ્રાન્ઝેક્શનની રકમમાં ૯૧% ની વૃદ્ધિ થઈ છે અને ડિજિટલ ટ્રાન્જેક્શનનો ઉપયોગ કરનારાઓની સંખ્યામાં ૨૬ ટકાનો વધારો થયો છે. ૩૦ દેશો યુપીઆઈ ટ્રાન્જેક્શનમાં ભારત પાસેથી પ્રેરણા મેળવી રહ્યા છે. આવનારા સમયમાં ભારત ડિજિટલ કરન્સી અપનાવી શકે એ દિશામાં પ્રયોગો થઈ રહ્યા છે. હીરા ઉદ્યોગ માટે ગુજરાત અને ખાસ કરીને સુરત મુખ્ય-મહત્વનું મથક છે. વર્તમાન સમયમાં 'લેબ મેઈડ ડાયમંડ' ની માંગ પણ કુદરતી ડાયમંડ જેટલી જ છે ત્યારે લેબ મેઈડ ડાયમંડના વિષયમાં વિશેષ સંશોધનો કરવા આઈઆઈટી, ચેન્નાઈને કામગીરી સોંપવામાં આવી છે. એટલું જ નહીં, લેબ મેઈડ ડાયમંડ પરની કસ્ટમ ડ્યુટી પણ ૫% ને બદલે શૂન્ય કરવામાં આવી છે. શ્રી સુશીલ કુમાર મોદીએ કહ્યું હતું કે દેશમાં ટેક્સ આપનારા લોકો પૈકી એક કરોડ લોકો રૂ.૫ થી ૭ લાખની મર્યાદામાં આવે છે. આ લોકો પાસે હવે બંને વિકલ્પો ખુલ્લા છે. એટલું જ નહીં, અગાઉ ફરજિયાત બચત કરવી પડતી હતી તેને બદલે હવે કરદાતાઓ પોતાની પસંદગીની બચત કરી શકશે. તેમણે કહ્યું હતું કે, દેશમાં ૨૫ લાખ કરોડની બચત થાય છે. તેમાંથી ટેક્સ સંલગ્ન બચત માત્ર ૪ લાખ કરોડ જેટલી જ છે.



સરકારે વરિષ્ઠ નાગરિકો અને મહિલાઓ માટે બે નવી બચત યોજનાઓ પણ શરૂ કરી છે. ફેમિલી પેન્શનની જોગવાઈ પણ કરવામાં આવી છે. આ બેઠકમાં ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના અધ્યક્ષ શ્રી પથિક પટવારી, ધી ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયાની વેસ્ટર્ન ઈન્ડિયા કાઉન્સિલના અધ્યક્ષ શ્રી બીશન શાહ, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ એસોસિએશન, અમદાવાદના પ્રમુખ શ્રી સરજુ મહેતા, ઉપપ્રમુખ શ્રી શિવાંગ ચોકસી, આગેવાનો શ્રી ડૉ. અનિલ પટેલ, ડૉ. ઋત્વિજ પટેલ અને વેપાર, વાણિજ્ય તથા આર્થિક ક્ષેત્રોના તજજ્ઞો અને આગેવાનો જોડાયા હતા.

# ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરો, પણ પ્રાકૃતિક ખેતી જ કરો : શ્રી આચાર્ય દેવવ્રતજી

## ઓરિસ્સાના ૭૦ ખેડૂતો રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની મુલાકાતે



કમલમ્ ન્યુઝ,

ઓરિસ્સાના ૭૦ જેટલા ખેડૂતો આજે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની મુલાકાતે પધાર્યા હતા. ઓરિસ્સાના ૧૩ મગફળી ઉત્પાદક સંઘના પ્રતિનિધિ ખેડૂતો ગુજરાતમાં મગફળીની ખેતીના અભ્યાસ માટે આવ્યા છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ રાજભવનમાં આ ખેડૂતોને સંબોધન કરતાં કહ્યું કે, ખેતીમાં ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરજો પણ પ્રાકૃતિક ખેતી જ કરજો. ઓરિસ્સાને પ્રાકૃતિક ખેતી સાથે જોડશો તો ભવિષ્ય વધુ ઉજ્વળ બનશે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, મગફળીના ઉત્પાદનમાં ગુજરાત મહત્વનું સ્થાન ધરાવે છે. ઓરિસ્સાનાં જળ, જમીન અને હવામાન મગફળીના પાકને અનુકૂળ છે, છતાં ચાર લાખ મેટ્રિક ટન મગફળીનું ઉત્પાદન થાય છે. ગુજરાતનો અભ્યાસ કરીને ઓરિસ્સામાં પ્રાકૃતિક ખેતીથી મગફળીનું ઉત્પાદન વધારો. ઉત્પાદન ખર્ચ ઓછો આવશે અને ખેડૂતોની આવક બમણી થશે. ખેતીમાં રાસાયણિક ખાતરો અને પેસ્ટીસાઈડ્સના બેફામ ઉપયોગથી મનુષ્યના જીવનમાં રોગની સમસ્યાઓ વધી છે. તમામ સમસ્યાઓનું સમાધાન પ્રાકૃતિક ખેતીમાં જ છે. ઓરિસ્સાના ખેડૂતો પણ પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવે એ માટે તેમણે અનુરોધ કર્યો હતો અને કહ્યુંહતું કે, ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂતોના ખેતરોની મુલાકાત લો, ખેડૂતોને મળો, ફાયદા જુઓ પછી ભગવાન જગન્નાથજીની ભૂમિ-ઓરિસ્સામાં પ્રાકૃતિક ખેતી પદ્ધતિ અપનાવો. લાઈવલીહૂડ ઓલ્ટરનેટીવ્ઝ સંગઠનના અધ્યક્ષ શ્રી સંબિત ત્રિપાઠીના નેતૃત્વમાં ઓરિસ્સાથી પધારેલા ખેડૂતો ગુજરાતની 'એક્સપોઝર વિઝીટ' પર છે. આ પ્રસંગે શ્રી સંબિત ત્રિપાઠીએ કહ્યું હતું કે, ઓરિસ્સાથી તેઓ ગુજરાતમાં બીજથી લઈને માર્કેટ સુધીની વ્યવસ્થાનો અભ્યાસ કરવા આવ્યા છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની મુલાકાત પછી અમે; ઓરિસ્સાના ખેડૂતો નવું સપનું-નવી કલ્પના લઈને ઓરિસ્સા જઈશું. ઓરિસ્સાના ખેડૂતોએ વિશિષ્ટ હર્ષધ્વનિ સાથે બંને હાથ ઊંચા કરીને ત્રણ વખત 'જય જગન્નાથ'ના જયઘોષ સાથે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીનું અભિવાદન કર્યું હતું. અંતમાં કૃષિ અને સહકાર વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી મુકેશ પુરીએ સૌનો આભાર માન્યો હતો.

# ચણા પકવતા ખેડૂતોના હિતમાં ગુજરાતમાં ટેકાના ભાવે ચણાના કુલ ઉત્પાદનની ૨૫ ટકા ખરીદીની મર્યાદા વધારીને ૪૦ ટકા સુધી કરવા કેન્દ્ર સરકારને રજૂઆત કરતા કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઇ પટેલ

### કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમર તેમજ રાસાયણિક- ઉર્વરક આરોગ્યમંત્રી શ્રી મનસુખભાઇ માંડવીયાની નવી દિલ્હી ખાતે શુભેચ્છા મુલાકાત કરતા કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ





કમલમ્ ન્યુઝ,

ગુજરાતમાં ચણા પકવતા વધુમાં વધુ ખેડૂતોને ટેકાના ભાવની યોજના હેઠળ આવરી લઈ પોષણક્ષમ ભાવ પૂરા પાડવા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની નેતૃત્વવાળી સરકાર સતત પ્રયત્નશીલ છે. જેના ભાગરૂપે ચણાની ટેકાના ભાવે ખરીદી બાબતે હાલમાં રાજ્યના કુલ ઉત્પાદનના ૨૫%ની ખરીદીની મર્યાદા વધારીને ૪૦% સુધી કરવા ગુજરાતના કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે નવી દિલ્હી ખાતે કેન્દ્રીય કૃષિ મંત્રી નરેન્દ્રસિંહ તોમરને રૂબરૂ મળીને ચણાની ખેતી કરતા ખેડૂતોના હિતમાં રજૂઆત કરી છે. આ મુલાકાત દરમિયાન શ્રી રાઘવજી પટેલે કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રી તોમરને ગુજરાતના કૃષિ વિકાસમાં કેન્દ્ર સરકારના નિરંતર સહયોગ તથા કેન્દ્ર સરકાર સહાયિત રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના થકી રાજ્યની માળખાગત સુવિધાઓમાં વધારો થવા બદલ ગુજરાત સરકાર તરફથી આભાર વ્યક્ત કર્યો હતો. રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના હેઠળ ગુજરાતના વધુને વધુ ખેડૂતોને લાભ મળી રહે, કૃષિ સંલગ્ન માળખાકીય સુવિધાઓ ઊભી થાય તેમજ ખેડૂતની આવક વધે તે હેતુસર આગામી વર્ષે વધુ ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે તે અંગે કૃષિ મંત્રીશ્રી પટેલે કેન્દ્રીય કૃષિ મંત્રીશ્રીને અપીલ કરી હતી. કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલે નવી દિલ્હી ખાતે રાસાયણીક અને ઉર્વરક મંત્રીશ્રી મનસુખભાઈ માંડવીયાની પણ શુભેચ્છા મુલાકાત કરી હતી. આ દરમિયાન કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલે કેન્દ્ર સરકાર દ્વારા ગુજરાતને જરૂરીયાત મુજબ પુરતા જથ્થામાં ખાતરની ફાળવણી કરાવા બદલ આભાર વ્યક્ત કર્યો હતો. વધુમાં કચ્છ જિલ્લામાં ખાતરની તંગી ન વર્તાય તે માટે લોજિસ્ટિક સંબંધિત ખાસ વ્યવસ્થા ઉભી થાય તે માટે પણ રજૂઆત કરી હતી. આ ઉપરાંત રાજ્યમાંસબસીડાઈઝ યુરીયા ખાતરનાં ડાયવર્ઝન રોકવા ગુજરાત સરકાર દ્વારા લીધેલ પગલાં અંગે કેન્દ્રીય મંત્રીશ્રી માંડવીયાને માહિતગાર કરીને તે અટકાવવા માટે હાલની ખાતર વિતરણ વ્યવસ્થા વધુ સુદ્રઢ કરવા અંગે કેટલાક જરૂરી સૂચનોની આપ-લે કરી. કૃષિ મંત્રીશ્રી રાઘવજી પટેલે નવી દિલ્હી ખાતેની તેમની આ મુલાકાત ગુજરાતના ખેડૂતો માટે ખુબ જ ફળદાયી નિવડશે તેવી આશા વ્યકત કરી હતી.



કમલમ્ ન્યુઝ,

૮-૨૦ હેઠળ મુંબઈ માં આયોજિત બિઝનેસ કોન્ફરન્સ માં સ્વચ્છ ભારત મિશનના બ્રાન્ડ એમ્બેસેડર અને અખિલ ભારત હિન્દૂ યુવા મોર્ચાના રાષ્ટ્રીય અધ્યક્ષ માનનીય શ્રી શિવમ મિશ્રાને ઈન્ડો યુરોપિયન બિઝનેસ કાઉન્સિલમાં કોર્પોરેટ સેકટરના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં વિવિધ દેશોના રાજદૂતો, બોલીવુડ ફિલ્મ ક્ષેત્રે કામ કરતા રોકાણકારો, વહીવટી અધિકારીઓ અને ભારત અને યુરોપના ઉદ્યોગપતિઓએ ભાગ લીધો હતો.



કમલમ્ ન્યુઝ,

આજે વિશ્વ કેન્સર દિવસ નિમિત્તો બિલિયન હાર્ટ્સ બિટિંગ ફાઉન્ડેશન,ઉમંગ સેવા ટ્રસ્ટ અને સાથ ફાઉન્ડેશનના સહયોગથી વટવામાં ૬૦ જેટલા બહેનોને કેન્સર વિશે જાગૃતિ માટે એક પ્રોગ્રામ નું આયોજન કરવામાં આવ્યુંઆ પ્રોગ્રામમાં ડૉ શ્યામ સાવલિયા દ્વારા આ બહેનો ને મોંઢાના કેન્સર, સ્તન કેન્સર, ગર્ભાશયનું કેન્સર વગેરે કેન્સર ની ખુબ સરસ માહિતી આપી ને બહેનો ને જાગૃત કરવામાં આવી આ પ્રોગ્રામમાં કામિલ વાઘેલા, અંકિત ભટ્ટ,ભરતભાઈ ચૌહાણ,રામભાઈ પટેલ,ભરત ચૌહાણ, પ્રિન્સ ચૌહાણ નાઝીર શેખ, રુકસાર પરવાલા, ગીતાબેન વાઘેલા અને સરફરાજ મનસુરી હાજર રહી ને આ પ્રોગ્રામને સફળ બનાવ્યો

# કેવિકે વ્યારા ખાતે પ્રાકૃતિક ખેતી વિષય ઉપર જાગૃતતા કાર્યક્રમ યોજાયો

### જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી. ડી. કાપડીયા (IAS)ની અધ્યક્ષતામાં "આઉટ સ્કેલીંગ ઓફ નેચરલ ફાર્મિંગ થ્રુ કેવિકે" અંતર્ગત પ્રાકૃતિક ખેતી વિષય ઉપર જાગૃતતા કાર્યક્રમ યોજાયો

કમલમ્ ન્યુઝ,નિખીલ ગાવિત

ભારતીય કૃષિ અનુસંધાન પરિષદ, ન્યુ દિલ્હી દ્વારા પુરસ્કૃત અને નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી દ્વારા સંચાલિત, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, તાપી જિલ્લામાં વ્યારા ખાતે કાર્યરત છે. આ કેન્દ્ર ખાતે તાજેતરમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી. ડી. કાપડીયા (IAS)ની અધ્યક્ષતામાં "આઉટ સ્કેલીંગ ઓફ નેચરલ ફાર્મિંગ થ્રુ કેવિકે" અંતર્ગત પ્રાકૃતિક ખેતી વિષય ઉપર જાગૃતતા કાર્યક્રમ યોજાયો હતો. જેમાં તાપી જિલ્લામાંથી ૨૦૦ થી વધારે ખેડૂત ભાઈ-બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. કાર્યક્રમના અધ્યક્ષ અને તાપી જિલ્લાના જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડી. ડી. કાપડીયા (IAS) એ કેવિકે દ્વારા પ્રાકૃતિક ખેતી માટે કરવામાં આવતી કામગીરીની પ્રશંસા કરી હતી અને વધુમાં ઉમેર્યુ હતું કે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદી દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત કરવામાં આવેલ આહવાન મુજબ દરેક તાલુકામાં ઓછામાં ઓછા ૭૫ ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટે ખેડૂતોને પ્રોત્સાહિત કરવાની સાથે સાથે તેઓને યોગ્ય માર્ગદર્શન આપવું જરૂરી છે. તેમણે ભારત સરકાર દ્વારા"આંતરરાષ્ટ્રીય હલકા ધાન્ય પાક વર્ષ – ૨૦૨૩" ની ઉજવણી પાછળનો હેતુ પણ ખેડૂતોને સમજાવ્યું હતું. તાપી જિલ્લામાં "વન ડિસ્ટ્રીકટ વન પ્રોડકટ" તરીકે નિઝર તાલુકાની "ગોટી જુવાર"ની પસંદગી કરાઈ તેવી તેમને માહિતી આપી હતી. તેમણે જુવાર પકવતા ખેડૂતો સાથે વાર્તાલાપ પણ કર્યો હતો અને તેમની માર્કેટ વ્યવસ્થા વિશે ચર્ચા કરી માહિતી આપી હતી.



તેમણે ખેડૂત મિત્રોને આવનારા વર્ષોમાં પ્રાકૃતિક ખેતી કરવા માટેનો સંકલ્પ પણ લેવડાવ્યો હતો. કાર્યક્રમની શરૂઆતમાં કેન્દ્રના વડા ડૉ. સી. ડી. પંડયાએ બધાં મહેમાનોને આવકારી કાર્યક્રમની વિગતવાર માહિતી આપી હતી. ડૉ. પંડયાએ જણાવ્યું હતું કે, આડેધડ અને અસમજપૂર્વકના રાસાયણિક પદાર્થોના ઉપયોગ થકી ખેતીની જમીનની ફળદ્રુપતા અને ઉત્પાદન શક્તિ ઘટી છે. જો પ્રાકૃતિક ખેતી અપનાવીએ તો આ સમસ્યા દૂર કરી શકાય તેમ છે. પ્રો. કુલદીપ રણા, વૈજ્ઞાનિક (પાક ઉત્પાદન) કેવિકે, વ્યારા દ્વારા પ્રાકૃતિક ખેતી એટલે શું, પ્રાકૃતિક ખેતીના ફાયદાઓ અને તકો વિશે વિગતવાર સમજણ આપી હતી. ડૉ. એચ. આર. જાદવ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) એ પ્રાકૃતિક ખેતી દ્વારા કરવામાં આવેલ પાકોમાં રોગ – જીવાત નિયંત્રણ વિશે માર્ગદર્શન આપ્યું હતું. શ્રી ઘનશ્યામ ઢોલે, નાયબ પ્રોજેકટ ડાયરેકટરશ્રી, આત્મા – તાપીએ આત્મા પ્રોજેક્ટની પ્રાકૃતિક ખેતીની યોજનાકીય માહિતી આપી હતી. શ્રી પિયુષ ચૌધરી, મદદનીશ ખેતી નિયામક – વાલોડ એ પ્રાકૃતિક ખેતીમાં સરકારશ્રીની ખેડૂતલક્ષીસહાય યોજનાઓ વિશે માહિતી આપી હતી. આ કાર્યક્રમમાં વાલોડ તાલુકાના દેગામા ગામના પ્રાકૃતિક ખેતી કરતાં ખેડૂત શ્રી જયેશભાઈ પટેલએ પોતાના અનુભવો ખેડૂતોને જણાવ્યા હતા. કાર્યક્રમનાં અંતે બધાં જ ખેડૂત ભાઈ-બહેનોએ કેવિકે ખાતે કરવામાં આવેલ પ્રાકૃતિક ખેતીના નિદર્શન પ્લોટની મુલાકાત કરી પ્રત્યક્ષ અનુભવ મેળવ્યો હતો. કાર્યક્રમના અંતે આભારવિધિ પ્રો. કુલદીપ રણા, વૈજ્ઞાનિક (પાક ઉત્પાદન)એ કરી હતી. જ્યારે કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. જીગર બુટાણી, વૈજ્ઞાનિક (પશુ વિજ્ઞાન)એ કર્યુ હતું.

# ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીએ સ્વ. હિતેશ પટણીને શ્રદ્ધાંજલિ પાઠવી



કમલમ્ ન્યુઝ,વડોદરા,

ગૃહ રાજ્યમંત્રીશ્રી હર્ષ સંઘવીએ વડોદરા મહાનગરપાલિકાની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન સ્વ. હિતેશ પટણીને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. પ્રભુ સદગતના આત્માને પોતાના ચરણોમાં સ્થાન આપી ચિર શાંતિ આપે તેવી તેમણે પ્રાર્થના કરી હતી. શ્રી સંઘવીએ શહેરના આર. વી. દેસાઈ રોડ સ્થિત શ્રી કાનમ પટેલ સમાજ ભવન ખાતે જઈને સ્વ. પટણીને શ્રદ્ધાસુમન અર્પણ કરી તેમના પરિવારજનોને સાંત્વના આપી હતી. તા. ૨૮/૦૧/૨૦૨૩ ને શનિવારના રોજ હૃદયરોગના હુમલાને કારણે શ્રી હિતેશ પટણીનું દુઃખદ નિધન થયું હતું. આ બેસણામાં રાજકીય અગ્રણીઓ, પદાધિકારીઓ ઉપસ્થિત રહી સ્વ. પટણીને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા.

# રાજ્યની ૮ આરોગ્ય સંસ્થાઓ (પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો) ને NQAS પ્રમાણપત્ર પ્રાપ્ત થયું

### હવે રાજ્યની કુલ ૨૫૨ આરોગ્ય સંસ્થાઓ NQAS પ્રમાણિત બની

### મહિસાગર જિલ્લાનું ધોકેલાવ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર(HWCs) NQAS પ્રમાણિત સમગ્ર દેશનું પ્રથમ સેન્ટર બન્યું

કમલમ્ ન્યુઝ,

રાજ્ય આરોગ્યસેવાઓ અને માળખાકીય સુવિધાઓને ગુણવત્તાયુક્ત બનાવવાની સરકારની નેમ છે. જેને રાષ્ટ્રીય સ્તરે પણ આવકારવામાં આવી છે. રાજયની ૮ આરોગ્ય સંસ્થાઓ(પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો) ને તાજેતરમાં રાષ્ટ્રીય NQAS ( નેશનલ ક્વોલિટી એશ્યોરન્સ સ્ટાન્ડર્ડ) દ્વારા ગુણવત્તા માટે પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું છે. જેમાં બનાસકાંઠા જિલ્લાનું રતનપુર પી.એચ.સી., અમરેલી જિલ્લાનું તોરી પી.એચ.સી, વલસાડ જિલ્લાના વાંકલ, સરાઇ અને વાતર પી.એચ.સી.,ખેડા જિલ્લાનું અલીના , તાપી જિલ્લાનું માયપુર અને અમદાવાદના રૂડાતલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને NQASના ગુણવત્તા માટેના માપદંડોમાં ૭૦ થી વધુનો સ્કોર પ્રાપ્ત થયો છે. જેના માટે આ તમામ ૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોને NQAS પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા છે. વધુમાં મહિસાગર જિલ્લાનું ધોકેલાવ હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર (HWCs) NQAS પ્રમાણિત સમગ્ર દેશનું પ્રથમ સેન્ટર બન્યું છે. આમ હવે કુલ ૨૫૨ આરોગ્ય સંસ્થાઓ NQAS પ્રમાણિતસંસ્થા બનીછે. આરોગ્ય સંસ્થાઓમાં ગુણવત્તાયુક્ત સેવા સુવિધાઓ માટે આ પ્રમાણપત્ર મેળવવામાં ગુજરાત સમગ્ર દેશમાં બીજા ક્રમાંકે છે. NQAS દ્વારા હેલ્થકેર સંસ્થાઓમાં સર્વિસ ડિલિવરીમાં ગુણવત્તાના ધોરણોને સુધારવામાં હંમેશા યોગદાન આપીને દર્દી કેન્દ્રિત ગુણવત્તા સુધારણાના ટકાઉ મોડેલ માટે મોકળો માર્ગ કર્યો છે. અત્રે નોંધનીય છે કે, ભારત સરકારે માળખાકીય સેવાઓ માટે ગુણવત્તાના માપદંડો નક્કી કર્યા છે. જેમાં દર્દી વિષયક સુવિધાઓ, માળખાકીય સેવાઓ અને સારવાર પદ્ધતિ માટે માપદંડો નક્કી કરવામાં આવે છે. કેન્દ્રીય ટીમ વિવિધ સંસ્થાઓની મુલાકાત લઈને આ માપદંડોના આધારે સ્કોર નક્કી કરે છે. જેના અંતર્ગત ૭૦ ટકા થી ઉપરનો સ્કોર પ્રાપ્ત કરનાર સંસ્થાને NQAS નું પ્રમાણપત્ર એનાયત થાય છે. તાજેતરમાં મળેલ ૮ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં માતૃત્વ અને નવજાત શિશુના રોગ અને મૃત્યુદરમાં ઘટાડો કરવો તેમજ સંસ્થા સ્તરે આરોગ્ય સંભાળ, કર્મચારીઓ દ્વારા ચેપી રોગોની રોકથામ અને નિયંત્રણ પદ્ધતિઓનું પાલન સુનિશ્ચિત કરીને હોસ્પિટલમાં ઉપલબ્ધ સુવિધાઓ, ઉપકરણો થકી દર્દીઓમાં ચેપમાં ઘટાડો કરવામાં આવ્યો છે.

# કેન્સરગ્રસ્ત "કલ્પ" માટે આરોગ્યમંત્રી બન્યા "કલ્પવૃક્ષ"

### આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે કેન્સરગ્રસ્ત બાળકની ડોક્ટર બનવાની અદમ્ય ઈચ્છા પૂર્ણ કરી



કલ્પે એપ્રન અને સ્ટેથોસ્કોપ પહેરીને કેન્સર વોર્ડમાં રાઉન્ડ લઇ બાળ દર્દીઓ સાથે સંવાદ સાધીને સ્વાસ્થ્ય તપાસની અનુભૂતિ કરી


કમલમ્ ન્યુઝ,

અરવલ્લી જિલ્લાના મોડાસાના કલ્પ યોગેશભાઈ પટેલને લ્યુકેમિયા (લોહીનું કેન્સર) છે. ૧૦ વર્ષના કલ્પના પરિવારને એક વરસ પહેલા જ ખ્યાલ આવ્યો કે તેમના લાડકવાયા એકના એક દીકરાને કેન્સર છે. મૂળે અરવલ્લી જિલ્લાના મોડાસાના કલ્પ પટેલની હાલ કિમોથેરાપીની સારવાર ચાલુ છે. આ પીડાદાયક પળોમાં રાજ્યના આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ "કલ્પ" માટે જાણે "કલ્પવૃક્ષ" બન્યા. ૪ ફેબ્રુઆરી – વિશ્વ કેન્સર દિવસની ઉજવણી ખરા અર્થમાં સાર્થક કરવા રાજયના આરોગ્યમંત્રી ઋષિકેશભાઈ પટેલે "મેક એ વિશ ફાઉન્ડેશન" અને ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ(GCRI) ના માધ્યમથી લ્યુકેમિયાગ્રસ્ત કલ્પની ડૉક્ટર બનવાની અદ્મ્ય ઈચ્છાપૂર્તિ કરી. કલ્પની બાળપણથી જ ઈચ્છા હતી કે તે ડૉક્ટર બનીને ગરીબ દર્દીઓની સેવા કરે. કલ્પની આ ઈચ્છા વિશે આરોગ્ય મંત્રીશ્રીને જાણ થતા તેઓએ કલ્પની ઈચ્છા પૂર્ણ કરીને તેનો મનોબળ અને જુસ્સો વધારવાનું નક્કી કર્યું. વિશ્વ કેન્સર દિવસની ઉજવણીને ખરા અર્થમાં સાર્થક કરીને લાખો- કરોડો કેન્સરગ્રસ્ત બાળકોનો જુસ્સો વધારીને મનોબળ મજબૂત કરવાના શુભ આશયથી આરોગ્યમંત્રી શ્રી કલ્પની ડૉક્ટર બનવાની ઈચ્છાપૂર્ણ કરવા અમદાવાદ સિવિલ મેડિસીટીની ગુજરાત કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ પહોંચ્યા. અહીં મંત્રીશ્રીએ કલ્પને એક દિવસ માટે ડૉક્ટર બનાવીને તેને ડૉક્ટર બનવાની સંપૂર્ણ અનુભૂતિ કરાવવા એપ્રન પહેરાવ્યું. ગળામાં સ્ટેથોસ્કોપ લગાડ્યું. વધુમાં આરોગ્યમંત્રીશ્રીએ પોતે જ કલ્પ માટે દર્દીની "ભૂમિકા" ભજવી. કલ્પે ડૉક્ટર બનીને ઋષિકેશભાઈને તપાસ્યા. તબીબ જેમ દર્દીનું દર્દ સમજી તેની દવા કરે છે, તે રીતે જ કલ્પે તેમની તપાસ કરી અને દવાનું પ્રિસ્ક્રીપ્શન પણ લખ્યું. બાદમાં આરોગ્ય મંત્રીશ્રી કલ્પને કેન્સરવોર્ડમાં દોરી ગયા અને અન્ય દર્દીઓ સાથે પણ સંવાદ સાધ્યો. જેમ એક ડૉક્ટર વોર્ડમાં રાઉન્ડ લઈને દર્દીઓને તપાસતા હોય છે તેમની આરોગ્ય પૃચ્છા કરીને સ્વાસ્થય તપાસ કરતા હોય છે તેમનો જુસ્સો વધારતા હોય છે તેવી જ રીતે આજે કલ્પ ના નેતૃત્વ હેઠળ મંત્રી શ્રી, કેન્સરના ડાયરેકટર ડૉ. શશાંક પંડ્યા, મેક અ વિશ ફાઉન્ડેશનના ડાયરેકટર ડૉ. અનીલ ખત્રી સહિતના તબીબો કેન્સરગ્રસ્ત બાળકોના વોર્ડ તરફ આગળ વધ્યા. કલ્પની સાથે વોર્ડમાં જઈને તેઓએ બાળકો સાથે સંવાદ સાધ્યો, તેમની સાથે સુમેળભર્યો વાર્તાલાપ કર્યો. કલ્પની ઈચ્છાપૂર્તિ થતી જોઈને કેન્સરના વોર્ડમાં સારવાર મેળવી રહેલા અન્ય બાળકો પણ પ્રોત્સાહિત થયા. કેન્સરગ્રસ્ત બાળકોના ચહેરા પર જાણે જીવનને સકારાત્મક રીતે જીવવાની નવીન આશાઓનું સ્મિત રેળાઈ રહ્યું હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. આ ક્ષણે મંત્રીશ્રીએ પણ વોર્ડમાં સારવાર મેળવી રહેલા બાળ દર્દીઓ સાથે મંત્રી નહીં પરંતુ એક વડીલ બનીને સંવાદ સાધ્યો તેમને હૈયાધારણા આપી. મંત્રીશ્રી અને કલ્પની મુલાકાત –સંવાદ બાદ સારવાર મેળવી રહેલા બાળદર્દીઓ અને તેમના સ્વજનોમાં જાણે કેન્સરની લડત સામે નવીન ઉર્જા સાથે જુસ્સાનો સંચાર થયો હોય તેવી અનુભૂતિ થઈ. કલ્પની ડૉક્ટર બનવાની અદમ્ય ઈચ્છાપૂર્તિ કર્યા બાદ આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું કે, મેક અ વિશ ફાઉન્ડેશન અને જી.સી.આર.આઇ ના તમામ તબીબોના માધ્યમથી કેન્સરગ્રસ્ત બાળકની એક ડૉક્ટર બનવાની ઈચ્છા પૂર્ણ થયા બાદ બાળકને આગામી જીવન જુસ્સાભેર જીવવા માટેની પ્રેરણા મળી છે.આ પ્રકારની ક્ષણો બાળકોના જીવનમાં નવીન સકારાત્મક ઉર્જાનો સંચાર કરીને જીવનને પ્રેરણાત્મક બનાવે છે. કેન્સર એટલે કેન્સલ એ માન્યતાઓ હવે જૂની થઈ છે. દિન-પ્રતિદિન વિકસી રહેલા મેડિકલ સાયન્સ અને તકનીકી સારવાર પધ્ધતિના અપગ્રેડેશનના પરિણામે કેન્સર જેવા ઘાતક રોગની સારવાર શક્ય બની છે. ઝડપી નિદાન જ કેન્સરને મ્હાત આપવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

# વાપીમાં રૂ. ૪.૫૦ કરોડના ખર્ચે સાકાર થયેલા આર.કે.દેસાઈગ્રૃપ ઓફ કોલેજીસના વાણિજ્ય મહાવિદ્યાલય ભવનનું મુખ્યમંત્રીશ્રીના હસ્તે લોકાર્પણ કરાયું

### બે દિવસ પહેલા રજૂ કરાયેલા અમૃત બજેટમાં સૌથી વધુ પ્રાથમિકતા ન્યૂ ઈન્ડિયાના નિર્માણ માટે યુવાનોને અપાઈ હોવાનું જણાવતા મુખ્યમંત્રીશ્રી







### વડાપ્રધાનશ્રીએ નવી શિક્ષણ નીતિ અમલમાં મુકી સમગ્ર શિક્ષણ વ્યવસ્થાની કાયાપલટ કરી રિસર્ચ અને ઈનોવેશન ઉપર વિશેષ ભાર મુક્યો

કમલમ્ ન્યુઝ,વલસાડ

"સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો વિશ્વાસ અને સૌના પ્રયાસથી ગુજરાતને વિકસિત રાજ્ય બનાવવું છે. આદરણીય નરેન્દ્રભાઈની વિઝનરી લીડરશીપમાં વાઈબ્રન્ટ ગ્લોબલ સમિટ હોઈ કે નવી પ્રોત્સાહક નીતિ હોઈ, આખા ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસ સાધી શક્યા છે. વાપી છેલ્લા ૨ દાયકાથી ઔદ્યોગિક ક્ષેત્રની સાથે સાથે શિક્ષણની ક્રાંતિનું સાક્ષી બન્યું છે." એમ વાપી કોપરલી રોડ પર સ્થિત રમણલાલ કુંવરજી દેસાઈ મેમોરિયલ ટ્રસ્ટ સંચાલિત આર.કે.દેસાઈ ગ્રૂપ ઓફ કોલેજીસ દ્વારા રૂ.૪.૫૦ કરોડના ખર્ચે નિર્મિત વાણિજ્ય મહાવિદ્યાલય ભવનના લોકાર્પણ પ્રસંગે ઉપસ્થિત રહેલા રાજયના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલે તેમના ઉદબોધનમાં જણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું કે, સેવાના ભેખધારી રમણભાઈ દેસાઈની જન્મજયંતિએ કોલેજ પરિવારને અભિનંદન આપું છું. અહીં વડાપ્રધાનશ્રીના કાર્યમંત્ર સાથે આદિજાતિ વિદ્યાર્થીઓના ઉત્થાન માટે આ સંસ્થા સંકલ્પકારી છે. બે દિવસ પહેલા જ નરેન્દ્રભાઈના માર્ગદર્શનમાં ભારત સરકારના અમૃતકાળનુંપહેલુંબજેટ રજૂ કરાયું છે. જેને દેશભરમાં અમૃત બજેટ તરીકે વધાવી લેવાયું છે. જેમાં સૌથી મહત્વની પ્રાથમિકતા યુવા શક્તિને અપાઈ છે. ન્યુ ઈન્ડિયાના નિર્માણ માટે યુવા શક્તિને વધુ શિક્ષિત અને તાલીમબદ્ધ કરવા જોગવાઈ કરાઈ છે. યુવા શક્તિના સહારે વિકસિત ભારત, આત્મનિર્ભર ભારત બનાવવાની વડાપ્રધાનશ્રીની નેમ છે. નેશનલ એપ્રેન્ટીશિપ પ્રમોશન સ્કીમ હેઠળ દેશના ૪૭ લાખ યુવાનોને સ્ટાઈપેન્ડનો લાભ આપવા જઈ રહ્યા છે. ઓન જોબ તાલીમ પણ અપાશે. નરેન્દ્રભાઈની વિઝનરી લીડરશીપના કારણે વલસાડ, દાહોદ, બનાસકાંઠા, રાજપીપળા અને ગોધરા સહિત વનબંધુ વિસ્તારોમાં મેડિકલ કોલેજની સ્થાપના કરાઈ હોવાનું જણાવી વધુમાં મુખ્યમંત્રીશ્રીએ કહ્યુ કે, આદિજાતિ સમયુદાયના સંતાનો આજે ભણી ગણીને ડોકટર, એન્જિનિયર અને પાઈલોટ બની રહ્યા છે. નરેન્દ્રભાઈ મોદીએ યુવાનોને નવભારતના નિર્માતા કહ્યા છે. તેમના વિકાસ માટે નવું શું શું કરી શકાય તે માટે નવા પ્રકલ્પો લાવવા અવિરત પ્રયાસ કરી રહ્યા છે. તેમના માર્ગદર્શનમાં ગુજરાત ઈનોવેશન અને સ્ટાર્ટઅપ ક્ષેત્રે દેશનું અગ્રીમ રાજય બન્યું છે. છેલ્લા ૩ વર્ષથી સ્ટાર્ટઅપમાં ગુજરાત પ્રથમ હરોળમાં છે. ગુજરાતના સ્ટાર્ટઅપનું અનુકરણ અન્ય રાજ્યોપણ કરી રહ્યાછે. યુવા શક્તિના વિકાસ અને સરકારની યોજનાઓ અંગે મુખ્યમંત્રીશ્રીએ વધુ પ્રકાશ પાડતા જણાવ્યું કે, આદરણીય મોદીજીએ દેશની સમગ્ર શિક્ષણ વ્યવસ્થાની કાયાપલટ કરવા માટે નવી શિક્ષણ નીતિ અમલમાં મુકી છે. પરંપરાગત શિક્ષણની સાથે સાથે રિસર્ચ અને ઈનોવેશન પર ભાર મુકયો છે. ઈનોવેશન પોલીસી ૨.૦ના અમલથી ગુજરાતના અનેક યુવાનો ઈનોવેશન અને સ્ટાર્ટઅપ તરફ વળ્યા છે. ગુજરાતમાં ૧૨૦૦થી વધુ પેટર્ન ફાઈલ થઈ છે અને ૨૨૦૦થી વધુ સ્ટાર્ટઅપ કાર્યરત છે. મુખ્ય મંત્રી યુવા સ્વાવલંબન યોજના હોય કે અન્ય યોજના હોય રાજ્યના હજારો યુવાનોને આર્થિક સહાય આપી યુવાનોને આગળ લાવવા માટે સરકાર કટિબદ્ધ છે. માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી પગલાઓથી ગુજરાતે વિકાસનો જે રાજમાર્ગ રચ્યો છે તેના પર તેજ ગતિએ આગળ વધવા માટે હું અને મારી ટીમ હર હંમેશ કાર્યરત છે. તેમના નેતૃત્વમાં આઝાદીના અમૃતપર્વમાં દેશને નવ સંકલ્પથી ઉર્જાવાન બનાવ્યો છે. ત્યારે આપણે સૌ સાથે મળી વિકસિત ગુજરાતથી શિક્ષિત ભારતની નેમ સાકાર કરી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા ગુજરાતમાં જ્ઞાનની જ્યોત સદા પ્રચલિત રાખીએ એવું મુખ્યમંત્રીશ્રીએ આહવાન કર્યુ હતું. રાજ્યના નાણાં, ઉર્જા અને પેટ્રોકેમિકલસ મંત્રીશ્રી કનુભાઈ દેસાઈએ કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈના કાર્યકાળમાં દેશભરમાં બેનમૂન વિકાસ થઈ રહ્યો છે. વાપીના નાગરિકોને મળતી સુવિધાઓમાં પણ વધારો થયો છે. રાજ્યના મુખ્ય મંત્રીશ્રી દ્વારા પ્રજાહિત માટેના નિર્ણયો ત્વરિત લેવાઈ રહ્યા છે. એમના સકારાત્મક અભિગમના કારણે વાપીનો વિકાસ થઈ રહ્યો છે. રૂ. ૩૦ કરોડના ખર્ચે ગટર બની રહી છે જેથી વાપી પાલિકા વિસ્તારમાં ક્યાંય પણ પાણી ભરાશે નહી. વાપીમાં જ મામલતદાર ઓફિસની બાજુમાં સબ ડિસ્ટ્રક્ટ હોસ્પિટલ બની રહી છે. ધરમપુર, પારડી અને ઉમરગામમાં અન્ડર કેબલિંગનું કામ ચાલી રહ્યું છે. જેથી સાતત્યપૂર્ણ વીજ પુરવઠો મળશે. પારડીના ઉમરસાડીમાં ફ્લોટીંગ જેટ્ટી બની રહી છે. સામાન્ય લોકોના જીવનમાં સુધાર આવે તે માટે મુખ્ય મંત્રીશ્રી સદૈવ તત્પર રહે છે. વાપીમાં ૫૦ વર્ષ પહેલા આત્મનિર્ભરતાનો પાયો પદ્મભૂષણથી સન્માનિત યુપીએલ ના ચેરમેન રજ્જુભાઈ શ્રોફે નાંખ્યો હતો. આ કાર્યક્રમમાં યુનિવર્સિટી ના યુથ ફેસ્ટિવલમાં બોક્સિંગમાં ગોલ્ડ મેડલ મેળવનાર દાસ મધુમિતા, વર્ષ ૨૦૨૨માં યુનિવર્સિટી કક્ષાએ બી.એડ.માં ગોલ્ડ મેડલ મેળવનાર ભંડારી પલક, વર્ષ ૨૦૨૧માં યુનિવર્સિટી કક્ષાએ બી.એડ.માં ગોલ્ડ મેડલ મેળવનાર રુચિ માયત્રા અને સાહિત્ય ક્ષેત્રે આંતરરાષ્ટ્રીય સ્તરે નામના મેળવનાર આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશન વાપીના પ્રોફેસર ડો. જયંતિલાલ બી.બારીશને એવોર્ડ વડે સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે પદ્મભૂષણશ્રી અને યુપીએલના ચેરમેનશ્રી રજ્જુભાઈ શ્રોફનું પણ મુખ્યમંત્રીશ્રીના હસ્તે સન્માન કરાયું હતું. આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પ્રમુખ અલકાબેન શાહ, સાંસદ ડો.કે.સી.પટેલ, સંસ્થાના પ્રેરણાસ્ત્રોત કાંતાબેન રમણભાઈ દેસાઈ, કમલભાઈ દેસાઈ, ઉમરગામના ધારાસભ્ય રમણલાલ પાટકર, કપરાડાના ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી, વલસાડના ધારાસભ્ય ભરતભાઈ પટેલ, ધરમપુરનાધારાસભ્યશ્રીઅરવિંદભાઈ પટેલ, રાજ્યના અધિક મુખ્ય સચિવ પંકજ જોશી, જિલ્લા સંગઠન પ્રમુખહેમંતભાઈકંસારા,યુપીએલના વાઈસ ચેરમેન સાન્દ્રાબેન શ્રોફ, વાપી પાલિકા પ્રમુખ કાશ્મીરાબેન શાહ, વાપી વીઆઈએના પ્રમુખ કમલેશભાઈપટેલ, વાપી નોટિફાઈડ એરિયા બોર્ડના ચેરમેન સતિષભાઈ પટેલ, કેડાઈના વાપીના અને મુક્તિધામ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ એલ.એન.ગર્ગ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સ્વાગત પ્રવચન આર. કે.દેસાઈ મેમોરીયલટ્રસ્ટના ચેરમેન મિલનભાઈ દેસાઈએ કર્યુ હતું. સંસ્થાનો પરિચય આર.કે.દેસાઈ કોલેજ ઓફ એજ્યુકેશનના પ્રિન્સિપાલ ડો.પ્રીતિબેન ચૌહાણે આપ્યો હતો. જયારે આભારવિધિ વાપી ગ્રીન એન્વાયરો લિ.ના ડાયરેકટર યોગેશભાઈ કાબરીયાએ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન વીઆઈએના ખજાનચી હેમાંગભાઈ નાયકે કર્યું હતું.


## જોઈએ છે

ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું નામાંકિત અખબાર ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર

PRESS

"કમલમ દૈનિક"

સમગ્ર ગુજરાત માટે બ્યુરો ઓફિસ ફાળવવાની છે

સમગ્ર ગુજરાતમાં જિલ્લા તેમજ તાલુકા મથકે રિપોર્ટીંગ કરી શકે તેવા જિલ્લા ચીફ અને તાલુકા ચીફ તેમજ માનદ- રિપોર્ટરની નિમણુંક કરવાની છે.

રસ ધરાવતા (અનુભવી - બિનઅનુભવી) વ્યક્તિએ સંપર્ક કરવો

સંપૂર્ણ બાયોડેટા ઈ-મેલ દ્વારા મોકલવો

E-mail.: kamalamgujarat@gmail.com

મહેશ પટેલ - Mo.: 98249 10606


•Printer/Publisher/Owner &Editor: Mahesh N.Patel. •Printed At:-CaptialOffset 801/1, Gi.d.c.,Sector-28 Gandhinagar,Gujarat-382028 •Published -At A-3,Plot No R-13, TanishqComplex, NewGreencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028